## અજરામર ગીરના સામર્થ્ય અને સંબંધની કથા | કિશોર વ્યાસ

['અકૂપાર' – ધ્રુવ ભટ્ટ, ગૂર્જર, ૨૦૧૦, ડેમી, પૃ. ૨૯૦, કિં. રૂ. ૨૦૦]

કાચબો હલી ન જાય એની તકેદારી રાખતી સમગ્ર ગીર પ્રજાની કથા અહીં આલેખવામાં આવી છે.

સૌ પહેલાં તો આ અકૂપાર જેવા અરૂઢ અંગે લેખકે જે કહ્યું છે એ જોઈએ : એક ભાભાએ ૧૯૮૨ના વાવાઝોડાની વાત કાઢતાં કહેલું કે : 'પૂસો મા, ઈ કે'વાય એવું જ નથ્ય. ક્યોને કે ઊભું એટલું સ્હૂતુ. ગવ્રમાંથી એટલાં ઝાડવાં કાઢ્યાં'તાં કે ક્યોને કે ગવ્રની સાગમટે નનામીયું જાતી'તી.

મેં તો કઈ દીધું કે ગવ્રનું આવરદા પૂરું. પણ આજે જોઉં તો મારી વાલી એવી ને એવી દાંત કાઢતી થઈ ગઈ. હવે છાતી ઠોકીને કઉં કે વડવા કે'તા'તા ઈ ખોટું નથ. ગવ્ર તો મારી મા, અજરામર છે.'

મહાભારતમાં વર્ણવાયેલી અકૂપારની કથા અને આ ભાભાની વાત વચ્ચે લેખકને કોઈ ફરક જણાયો નથી. એ જ રીતે પૃથ્વી શેષનાગની ફણા અને કાચબાની પીઠ પર ટકેલી છે એવી વાતનો ઉલ્લેખ થતાં કોઈએ કહ્યું હતું કે : 'જો એમ હોય તો એ ટેકો જે બિંદુ પર લાગેલો હશે તે બરાબર ગીરની નીચે હશે.' આ વાતોના સ્વીકાર-અસ્વીકારમાં પડવાને બદલે આપણે એમ કહી શકીએ કે તત્ત્વરૂપા પૃથ્વીને ટેકો આપવા મથવું, પ્રકૃતિતત્ત્વનો ભારે આદર કરવો એ લેખકની મૂળભૂત Thesis રહી છે. લેખકે આ અગાઉ આપેલી 'સમુદ્રાન્તિકે', 'અતરાપિ', 'તત્ત્વમસિ' અને 'કર્ણલોક' જેવી લોકગમ્ય નવલકથાઓમાં કોઈ ને કોઈ રૂપે પ્રકૃતિતત્ત્વોના સાયુજ્યને કેન્દ્રમાં મૂક્યું છે. પર્યાવરણ પ્રત્યેની ઊંડી નિસબતને વ્યક્ત કરવી એ એમના લખાણનું આગળ આવી જતું પ્રયોજન છે. લેખકનું પ્રયોજન તો ગમે તે હોઈ શકે પરંતુ જ્યારે તેઓ કથામાં આ નિસબતને વ્યક્ત કરવાનો યત્ન કરે છે ત્યારે એ કેવળ સપાટી પરના ચિંતનમનન તો બની રહેતાં નથી ને એ વિચારવું ઘટે છે. ગીરના પરિસરને, પર્યાવરણને તેમ ગીરના જીવનસંસ્કાર અને સંસ્કૃતિને જુદા જુદા પ્રસંગોમાં લેખકને વ્યક્ત કરવાં છે. પરિણામે ગીરના અનુભવની આ સ્મૃતિકથા છે એમ આ ભ્રમણકથા પણ છે. નવલકથાનું પાત્ર મુસ્તુફા લેખકની એક ગામડેથી બીજા ગામડે ફરવાની તત્પરતા જોઈને કહે છે : 'આજ ગવ્ર તો કાલ ઘેડ... ને પરમ દી' ક્યાંક બીજે' એ સાચું લાગે છે. આ સ્થળ જંગલ કહેવાય છે એની નવાઈ પણ નાયકને સતત લાગે છે. જંગલને નામે થોડાં ઊંચાં વૃક્ષો, ક્યાંક ક્યાંક બાવળની ઝાડી, ઊંચીનીચી ડુંગરધાર પર ઘાસિયો વગડો હોય એવા પ્રદેશમાં સતત ફરતાં નાનાંમોટાં વાહનો, ઘાસતેલથી બળતા દીવાઓ, ખેતર-વાડીમાં ચાલતાં મશીનો અને ગીરપ્રજા સાથે વસતા હિંસક પ્રાણીઓની વાતો લેખકે સતત કર્યા કરી છે પણ પ્રજાના જંગલમાંના અતિક્રમણની, પ્રવાસીઓ વડે ખીસાં ભરતા ભ્રષ્ટ તંત્રની, અભાવગ્રસ્ત દશાની અને પ્રકૃતિના બેફામ ઉપભોગની વાતથી તેઓ દૂર રહ્યા છે. અજાણી જગાએ અજાણ્યાં માણસો સાથે વાત કેવી રીતે શરૂ કરવી એ વાતે મૂંઝાતા નાયકને ગીરમાં વસતાં જુદી જુદી જ્ઞાતિનાં સૌ લોક આવકારવા અને મદદ કરવા ખડે પગે રહે. ચા-પાણી તો ઠીક, જમવાનો પણ સતત આગ્રહ કર્યા કરે, કોઈ આનાકાની વિના રહેવા માટે ઓરડી ધરવા ઉપરાંત એનાં નાનાંમોટાં કામ લોક કરતું રહે. નાયક સ્વજનની માફક શાક સુધારવા પણ બેસી જાય... આવા પ્રકારનાં વારંવારનાં આલેખનો ગીરનો (કાઠિયાવાડમાં કો'ક દી ભૂલો પડ્ય ભગવાન...) ઊજળો આવકારો પ્રગટ કરે છે પણ એમાં પ્રતીતિજનકતાનો ચોખ્ખો અભાવ છે. સુષ્ઠુસુષ્ઠુ આવા નિરૂપણથી ગીરની પ્રજાને, એની જીવનશૈલીને વર્ણવવાની નિયત કરેલી ફ્રેમમાં લેખક રમી રહ્યા હોય એમ જણાય છે. પ્રકૃતિનાં રક્ષણ અને સંવર્ધનની સતત ચિંતા કરતા માણસો સિંહ ઘોરામાં છે એ જાણતા હોવા છતાં સાહેબોને પાછલા રસ્તે પણ સિંહ બતાવવાનું દુઃસાહસ કરે એ વિચિત્ર લાગે છે. રબારી, મેર અને ચારણ જાતિની બોલીગત વિશેષતાઓ અંગે ચર્ચામાં ઊતરી પડતા લેખકનો એ આખોયે મુદ્દો ખાસ પ્રભાવક નથી. પૃથ્વીતત્ત્વનાં ચિત્રો દોરવા ગીરમાં આગંતુક એવા નાયકને પ્રથમથી જ કોઈ ગેબી અવાજ સાંભળતો કલ્પ્યો છે જે નાયકને દોરવણી આપે છે, ચિંતનની ભૂમિકા ઊભી કરે છે. પ્રૉજેક્ટને નામે શહેરી વ્યક્તિત્વને પ્રકૃતિ વચ્ચે મૂકવાની લેખકની રીતિ એકથી વધુ નવલકથામાં પુનરાવૃત્ત થઈ છે. નાયકે દોરેલાં ચિત્રોમાં ગીરવાસીઓ રસ લે ત્યાં સુધી બરાબર પણ એ ચિત્રોની ખોડખાંપણ કાઢી સમીક્ષા કરે એ અયોગ્ય લાગે છે. ખમા ગીરને કહેતાં આઈમા જાણે પ્રકૃતિનાં રખોપાં કરવા જ સર્જાયાં છે. ગીરમાં કુંવાડિયા ઊગતાં નેસના માલધારીઓને એમણે આપેલા સંદેશામાં પૃથ્વીતત્વ પરત્વેનો પ્રબળ લગાવ પ્રગટ થઈ જાય છે. એહમદ અને મુસ્તુફા જેવાં મુસ્લિમ પાત્રોને ગીરમાં સૌ લોકની સાથે ઓતપ્રોત થઈ જીવતા દર્શાવી કોમી ઐક્યનો માર્મિક સંદેશ કહેવાયો છે તો ગીરને છોડીને મુંબઈમાં આવી જવા સગાંઓના આમંત્રણનો અસ્વીકાર કરતા જુસબમાં પણ ગીરનો નાતો ઉપજાવ્યો છે. સાંસાઈ આ કથાનું બહાદુર, વ્યવહારકુશળ એવું પાત્ર છે. એમના વ્યક્તિત્વમાં રહેલું બરછટપણું ભાવકને છેક સુધી બાંધી રાખનારું છે. ગીરના પાણાથી લઈને માણા સુધીની ચિંતા એ કરે છે ત્યારે જાગતી સાંસાઈનો અનુભવ પમાય છે. દીવાકરનનો દીપડા પ્રત્યેનો પ્રેમ, પોલિયોગ્રસ્ત કાનાનો સંતોષ, શિકારી અબલાબાપાની સાવજ માટેની મહોબ્બત, લાટસાહેબના શિકાર કાર્યક્રમ સામે રવાઆતાનો એકલહાથે પુરુષાર્થ, ગિરવાણ નામધારી ગાયના જંગલખાતા પાસેથી પૈસા ન લેતી લાજો અને બેરલની પીડાનો અનુભવ પોતાની ચેતનામાં કરતી રાણીની સહજ સમજણ જેવા પ્રસંગો આ નવલકથાનું આસ્વાદ્ય પાસું છે. ધાનુ અને વિક્રમ જેવાં પાત્રો પણ એ આકર્ષણમાં વધારો કરે છે. ખોટા રસ્તે કમાઈ લેનારા ગઢવી જેવા એકલદોકલ પાત્ર સિવાય આદર્શમય અને હકારાત્મક પાત્રો સરજવાનો સર્જકનો ઉપક્રમ અહીં રહ્યો છે. ઇથોપિયાથી સિંહ પર સંશોધન કરવા આવેલી ડોરોથી માણસોથી અતડી રહેતી દર્શાવી છે એમાં શુષ્ક સંશોધકની છબિ તો નીપજે જ છે એ સાથે ઠાલાં સંશોધન કરી પરિવેશથી, અંદરથી કોરા રહેતા માણસો પ્રત્યેનો ટોણો પણ છે. વિદ્યાર્થીકૅમ્પમાંનો બીકણ શર્મા, દોશી સાહેબ જેવાં પાત્રો ગીરમાં કેવળ આનંદપ્રમોદ કરવા આવનાર તરફનો વ્યંગ મૂકી જાય છે અને આવાં તમામ પાત્રોને ખુદ લેખકે જ હસી કાઢ્યાં છે ! સંરક્ષક આવેશમાં લેખક 'ગીર એટલે માત્ર સિંહો નહિ એ સંદેશો ફેલાવવાની તાતી જરૂર છે એ માટે એવા યુવાનો જોઈએ કે જે માત્ર

સિંહને નહિ પ્રકૃતિને ચાહતા હોય, સમગ્ર કુદરતની ઉપાસના કરતા હોય.' એવો અમૂલ્ય સંદેશ પણ આપણને ધરે છે. સિંહની થતી હત્યાઓનાં ષડ્યંત્રો બાબતે સાંસાઈ સાથે નાયકના આઠ-દસ દિવસના પ્રવાસમાં પાળ વિનાના કૂવાઓ, ખેતરોમાં ભેલાણથી બચવા રાત્રીસમયે મુકાતા વીજપ્રવાહ જેવા મુદ્દાઓની ચર્ચા કરવાનો વ્યામોહ લેખક છોડી શક્યા નથી એ તો ઠીક પણ કનકાઈમાં માતાના મંદિરે રાત રોકાવા દેવાની પરવાનગીનો પ્રશ્ન પણ ચર્ચ્યા વિના ગીરની વાત અપૂર્ણ રહેશે એમ લેખક માનતા લાગે છે. પર્યાવરણના એકથી વધારે પ્રશ્નોને સૂચવવા-ચર્ચવા એ લેખકનો ઉપક્રમ રહ્યો છે એથી ગીર અભયારણ્યમાંથી બહાર નીકળી માધવપુર ઘેડ સુધી પહોંચી માછીમારો દ્વારા વ્હેલ-શાર્કનો શિકાર ન કરવાના અભિયાનની વાતોનો પ્રવેશ થયો છે. નાયકના પ્રકૃતિને બચાવવા માટેના આ પ્રયત્નો અત્યુત્સાહી છે. એ જ કારણે વાચક પણ નવલકથાના વાતાવરણમાંથી બહાર ધકેલાઈ જાય એવું બને. પર્યાવરણ સંરક્ષણની લોકશૈલીમાં, પોતાની આગવી કોઠાસૂઝ વડે શાંત ઝુંબેશ ચલાવનારી પ્રજા પણ એ સંદર્ભમાં અહીં ખાસ્સી બોલકી બની ગઈ છે. પ્રજા પ્રકૃતિપ્રેમીઓની તમામ વાતોને સાંભળે, સ્વીકારે અને અમલ કરવા લાગી જાય એ પ્રસંગયોજનાઓ આ સમયે તો આશ્ચર્ય સર્જે છે. 'કંઈક હોય તો જ કંઈક આવે' એમ નાયકને કહેતા ભરથરી (વિક્રમ)ના 'માન ન માન, તું ગર્પ્નો સો, કાં તો ગર્પ્નો થાતો જા સ્' જેવા સંવાદો અને નાયકને સંભળાતો ગેબી અવાજ 'ગીર, ઘેડ કે બરડો, તારું શું માનવું છે ? એક વખતની આપણી ભૂમિ...'નું સમીકરણ સાબિત કરવા લેખકે સાવ જ અપરિચિત જણાતાં, રહસ્યમય નાભિનાળના સંબંધને ગીર સાથે જોડવા ગોરબાપાના પાત્રને દાખલ કર્યું છે. ગીરના સામર્થ્ય અને સંબંધજગતને પ્રત્યક્ષ કરતી આવી એકાધિક વાતોમાં સર્જકે ઘેરા રંગો પૂર્યા છે. અચાનક સામે આવી ચઢતા સિંહનો ભય ન રાખતા રહેવાસીઓ એનો નામ દઈને જે ઉલ્લેખ કરે એમાં એકમેકના સંબંધની આત્મીયતા લેખકે સાંસાઈ, ધાનુ અને સોનલના પ્રસંગોમાં દર્શાવી છે તેમ સિંહને પણ માણસજાતનો અહીં ખાસ ડર નથી એમ એક વનઅધિકારી શિબિરાર્થીઓને કહે છે પરંતુ એ જ શિબિરાર્થી જ્યારે 'ગીરમાં કે બીજે, જંગલોમાં બધું સારું જ ચાલે છે તેવું કહેવું તે તમને બરાબર લાગે છે ? એમ પૂછે છે ત્યારે એનો જવાબ જુદો અપાયો છે. ખરેખર તો આ જવાબને બદલે વિદ્યાર્થીનો માર્મિક પ્રશ્ન જ અહીં વિચારણીય બની જાય છે.

પ્રકૃતિ પ્રત્યે અનર્ગળ ભાવથી જોડાયેલા મનુષ્યોની, એ માટે સંઘર્ષરત લોકોની અને પ્રકૃતિજગતના સહજ સંબંધને પ્રગટ કરતી આ કથા પ્રકૃતિપ્રેમી વાચકોને ગમી જાય એવી છે.